# Prime Minister addresses 17th ASEAN India Summit

November 12, 2020

## 17 માં આશિયાન ઈન્ડિયા સમિટ ને પ્રધાનમંત્રીનું સંબોધન

**નવેમ્બર 12 2020**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિયેટનામ ના વડાપ્રધાન મહામહિમ શ્રી નગુયેન જુઆનફુક - કે જે અત્યારે આશિયાન ના વર્તમાન પ્રમુખ છે તેમના આમંત્રણને માન આપીને આજે 17 માં આશિયાન ઈન્ડિયા સમિટમાં ભાગ લીધો હતો. આ સમિટમાં કે જેમાં તમામ 10 આશિયાન સભ્ય રાજ્યો એ ભાગ લીધો તે વર્ચ્યુઅલ ફોર્મેટ માં યોજાયું હતું.

સમિટમાં બોલતા વડાપ્રધાનશ્રીએ ભારતની એક્ટ ઈસ્ટ પોલીસીમાં આશિયાન કેન્દ્રમાં હોવાનું ખાસ ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે એ નોંધ્યું હતું કે સંવેદનશીલ અને સમૃદ્ધ આશિયાન એ ભારતના ઈન્ડો પેસિફિક વિઝનના કેન્દ્રમાં છે અને સાગર [SAGAR (Security And Growth of All in the Region)] રિજિયનના તમામ ની સુરક્ષા અને વિકાસ માં ફાળો આપે છે.

કોવિદ - 19 ના સંદર્ભમાં પ્રધાનમંત્રીએ આંતરરાષ્ટ્રીય સમુદાયને ભારત તરફથી વિસ્તૃત સહયોગ અને પ્રતિભાવ નો ઉલ્લેખ કર્યો હતો અને આ મહામારી સામે લડત લડવા માટે આશિયાન દ્વારા લેવાયેલ પગલા આવકાર્યા હતા. પ્રધાનમંત્રીએ કોવિદ - 19 આશિયાન રિસ્પોન્સ ફંડમાં એક મિલિયન યુએસ ડોલરના ફાળાની જાહેરાત કરી હતી.

ભારત અને આશિયાન વચ્ચે વિસ્તૃત ફિઝીકલ અને ડિજિટલ કનેક્ટિવિટીના મહત્વને પણ પ્રધાનમંત્રીએ યોગ્ય રીતે ભાર મૂક્યો હતો અને આશિયાન કનેક્ટિવિટીના સહયોગ માટે ભારત દ્વારા એક બિલીયન યુએસ ડોલરની લાઈન ઓફ ક્રેડિટનો પુનરોચ્ચાર કર્યો હતો. વેપાર અને રોકાણના સંદર્ભમાં કોવિદ મહામારી પછી ઈકોનોમિક રિકવરી માટે સપ્લાય ચેન સુદ્રઢ થાય અને તેનો બહુઆયામી વિકાસ થાય તેના મહત્વ ઉપર ખાસ ભાર મૂક્યો હતો.

આ વિસ્તારમાં શાંતિ અને સ્થિરતાને આગળ વધારવા માટે ભારતના ફાળાને આશિયાન નેતાઓએ કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર કર્યો હતો અને આશિયાન કેન્દ્રિત ભારતના સહયોગને તેમણે આવકાર્યો હતો. આ નેતાઓએ 2021-2025 માટેના નવા આશિયાન-ભારત પ્લાન ઓફ એક્શન ને પણ આવકાર્યો હતો.

દક્ષિણ ચીન સમુદ્ર અને આતંકવાદ સહિત સમાન હિત ધરાવતા સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પણ ચર્ચામાં આવરી લેવાયા હતા. આંતરરાષ્ટ્રીય કાયદા ખાસ કરીને  યુએન ક્લોસ (UNCLOS) ને વળગી રહેવું સહિત આ વિસ્તારમાં કાયદા આધારિત વ્યવસ્થાને આગળ વધારવાના મહત્વની બંને પક્ષોએ નોંધ લીધી હતી.  દક્ષિણ  ચીન સમુદ્રમાં સુરક્ષા, સિક્યુરિટી, સ્થિરતા  અને શાંતિ ને  જાળવવી અને તેને આગળ વધારવાના મહત્વને તેમજ નેવિગેશન અને ઓવર ફ્લાઇટ ની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવાના મહત્વને નેતાઓએ સાચું અને યોગ્ય ગણાવ્યું હતું.

**ન્યુ દિલ્હી**

**૧૨ નવેમ્બર ૨૦૨૦**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.